

# આહ્‌વાન

A MONTHLY BULLETIN OF SHAHPUR METHODIST CHURCH

Address : Bahai Center, Shahpur, Ahmedabad 380 001.

Email :rev.arvindkhristi@gmail.com
Visit us at : www.shahpurmethodistchurch.com

Pastor : Rev. Arvind R. Khristi
Ph. : 079-25503545 (M) 9913070647

વર્ષ - ૫૧ | એપ્રિલ - ૨૦૨૩ | પત્ર - ૧૧૬

## પ્રભુની દયા-કૃપા (ગી.શા. ૧૩૬:૧)

પ્રભુમાં વ્હાલા વિશ્વાસુઓ આપણા જીવનમાં અવિરત પ્રભુની કૃપા રહે છે. તેમની કૃપાને કારણે આપણે પ્રભુની સ્તુતિ અવશ્ય કરવી જોઈએ. આપણે નિર્બળ અને ધૂળના બંધારણમાં છીએ પરંતુ પ્રભુની કૃપા આપણા પર રહેવાથી આપણે સર્વ રીતે આશીર્વાદિત અને તેમની છાયામાં રહીએ છીએ. મેથોડિસ્ટ ચર્ચ, શાહપુર તેની શરૂઆતના ૫૦ વર્ષ પૂર્ણ કરે છે. આ ૫૦ વર્ષની પૂર્ણતામાં પ્રભુની કૃપા અને દયાને ભૂલી શકાય નહિ. ૫૦ વર્ષોમાં પ્રભુએ તેમની કૃપા અવિરત વરસાવી છે. આ કૃપા ખૂટી નથી તથા દર સવારે તે કૃપા નવી થતી આવી છે. કુવામાં ઝરણા હંમેશા નવા અને તાજા હોય છે અને તે હૂંફાળા તથા તાજગી સભર હોય છે. એવી જ રીતે પ્રભુની કૃપા ૫૦ વર્ષો દરમિયાન રોજ સવારે નવી મળતી રહી છે માટે મંડળીએ પ્રભુની સ્તુતિ કરવી જોઈએ. કારણ કે તે સ્તુતિને યોગ્ય પ્રભુ છે. પ્રભુએ જુદી જુદી રીતે ઘણી કૃપા દર્શાવી છે.

● ૫૦ વર્ષો દરમિયાન પ્રભુએ વચનો પૂરા પાડ્યા છે :

પ્રભુએ આ મંડળીમાં પ્રભુના સેવકો પૂરા પાડ્યા જેમના દ્વારા વચનો મળતા રહ્યા છે. પ્રભુએ તેમની કૃપાએ પુષ્કળ વચનો આપ્યા છે. આ વચનો દ્વારા પ્રભુએ આત્મિક જીવનમાં મંડળીને ટકાવી અને નિભાવી રાખી છે. જે તે સમયે જરૂરિયાત પ્રમાણે પ્રભુએ તેના સેવકો દ્વારા જરૂરી વચનો પૂરા પાડ્યા છે. દબાયેલા, દુ:ખી હ્રદયોને પ્રભુએ વચનો દ્વારા સાજા કર્યા છે. મજબૂત અને રૂઢ બનાવ્યા છે. હિંમત અને બળ પૂરાં પાડ્યાં છે. માર્ગમાંથી ચલિત થવાના સમયે પ્રભુએ સીધા માર્ગમાં દોર્યા છે. વચનના પ્રકાશમાં પ્રભુએ સુવ્યવસ્થિત રીતે દોર્યા છે. આનંદના સમયોમાં પ્રભુએ તેમના વચનો દ્વારા આભારસ્તુતિમાં દોર્યા છે. યર્મિયા ૭:૨૫ પ્રમાણે પ્રભુ નિત્ય તેના સેવકોને મોકલતા રહ્યા અને આત્મિક માન્નાથી તૃપ્ત કર્યા છે. આ પ્રભુની કૃપા માટે સ્તુતિ કરવી જોઈએ.

● ૫૦ વર્ષો દરમિયાન પ્રભુ પૂરું પાડનાર બન્યા છે :

નિર્ગમન ૧૬:૨૧માં પ્રભુ દર સવારે માન્ના પૂરું પાડતા હતા તે જણાવ્યું છે. આ મંડળીને પણ પ્રભુએ સર્વ રીતે ભરપૂર પ્રમાણમાં પૂરું પાડ્યું છે. કોઈ બાબતોની ખોટ પડવા દીધી નથી. પ્રભુ પોતે પાળક બનીને પોષણ કરનાર બન્યા છે. પ્રભુએ ૫૦ વર્ષો દરમિયાન સર્વ જરૂરિયાતો તેમની ઈચ્છા અને યોજનામાં પૂરી પાડી છે. પ્રભુ 'યહોવા યિરેહ' બનતા રહ્યા છે. આ સર્વ માટે પ્રભુની સ્તુતિ કરવી જોઈએ.

● પ્રભુએ તેમની દયા અને કૃપા ખૂટવા દીધાં નથી :

વિશ્વમાં ઘણી બાબતો ખૂટી જાય છે. વીજળી, કોલસો, પાણી, ખનીજ સંપત્તિ વિગેરે ખૂટી જાય છે. પરંતુ પ્રભુની આપણા ઉપરની કૃપા ખૂટતી નથી. આ કૃપા વરસ્યા કરે છે. ગીતશાસ્ત્ર ૧૦૭:૧માં લખ્યું છે તે પ્રમાણે તેમની કૃપા સદાકાળ ટકે છે. યર્મિયાનો વિલાપ ૩:૨૨ પણ જણાવે છે કે પ્રભુની દયા અને કૃપા અખૂટ છે.

પ્રભુમાં વ્હાલાઓ પ્રભુએ ૫૦ વર્ષો સુધી તેની કૃપા આપી છે. આવો આપણે સ્તુતિ કરીએ અને પ્રભુને ધન્યવાદ આપીએ.

### BIRTHDATE IN APRIL

| | |
|---|---|
| ૧/૪ | લીલાબેન જોસફભાઈ ક્રિશ્ચિયન |
| ૩/૪ | સામી આલ્ફ્રેડ ગામડીઆ |
| ૬/૪ | સુધાબેન એચ. કુંજરાવીયા (USA) |
| ૭/૪ | રોઝમેરી આર્નોન પેલમોર |
| ૭/૪ | શીલાબેન એમ. પટેલ |
| ૯/૪ | શાલીન શૈલેષભાઈ માસ્ટર |
| ૧૨/૪ | સોલોમનભાઈ ટી. રૂબી |
| ૧૬/૪ | રાજેશભાઈ આર. ક્રિશ્ચિયન |
| ૧૬/૪ | સેલીના એફ. ગોહિલ |
| ૧૬/૪ | સેનીટા પી. ક્રિશ્ચિયન |
| ૧૬/૪ | લક્ષ્મીબહેન ફ્રેડ્રીકભાઈ રાઠોડ |
| ૧૯/૪ | હર્ષદરાય એ. કુંજરાવીયા (USA) |
| ૨૦/૪ | ડેઝીલ ડિક્સન હેરી |
| ૨૪/૪ | ખ્રિસ્તી ઈવેન્જલીના ઈમાનુએલ |
| ૨૫/૪ | સલોની નિરવ મહીડા |
| ૨૫/૪ | પારૂલ ઓનિલ ગામડીઆ |
| ૨૬/૪ | નિયંતા કેનેથ ક્રિશ્ચિયન (USA) |
| ૨૭/૪ | કોમલ પ્રકાશ ખ્રિસ્તી |
| ૨૮/૪ | પ્રીમા શરદભાઈ માસ્ટર |
| ૩૦/૪ | રશ્મીકાંત ફિલિપભાઈ મહિડા |

### નાણાંકીય અહેવાલ ફેબ્રુઆરી-૨૦૨૩

| | | |
|---|---|---|
| તા. ૦૧-૦૨-૨૩ ની ઉઘડતી સિલક | | |
| | રોકડ | ૧,૯૨,૮૩૨.૮૮ |
| | બેંકમાં | ૫,૭૧,૫૬૬.૫૯ |
| ફેબ્રુઆરી-૨૩માં થયેલ | આવક | ૮,૯૯,૫૩૬.૦૦ |
| | કુલ | ૧૬,૬૩,૯૩૫.૪૭ |
| તા. ૨૮-૦૨-૨૩ની બંધ સિલક | રોકડ | ૧,૩૬,૨૭૯.૮૮ |
| | બેંક | ૧૪,૨૭,૬૭૨.૫૯ |
| ફેબ્રુઆરી-૨૩માં થયેલ | જાવક | ૯૯,૯૮૩.૦૦ |
| | કુલ | ૧૬,૬૩,૯૩૫.૪૭ |

શ્રી શરદભાઈ જે. માસ્ટર, ટ્રેઝરર

**જાહેરાતો**

● ચર્ચ શરૂઆતના ૫૦ વર્ષ પૂર્ણ થતાં ૫૦ મિટીંગોમાં જે બાકી છે તેમાં આપ હાજરી આપશો. ● તા. ૧૯-૪-૨૩ બુધવાર ૫૦ મિટીંગોમાંની છેલ્લી મિટીંગ થશે. જેમાં શ્રી રાજુભાઈ પેટ્રીક પરિવાર તરફથી ૫૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે જમવાની વ્યવસ્થા કરવામાં આવશે. આ સાથે ભજન મંડળી પણ રાખવામાં આવેલ છે. સર્વ વ્હાલાઓને પ્રેમપૂર્વક આમંત્રણ છે. ભાગીદાર બનશો. આપની હાજરી સંબંધી જાણ કરશો. ● રવિવારની ભજનસેવામાં કુટુંબ સાથે હાજરી આપો.

## ગત માસના કાર્ય તરફ દષ્ટિપાત

- તા. ૩-૩-૨૩ લેન્ટ અને વિશ્વ પ્રાર્થના દિન નિમિત્તે પ્રાર્થના મિટીંગ કરવામાં આવી. શ્રીમતી કમળાબેન કે. સોલંકીએ આગેવાની આપી. સ્થાનિક પાળકે વચનની સેવા આપી. સર્વ બહેનોએ વાંચન અને પ્રાર્થનામાં દોર્યા.
- તા. ૫-૩-૨૩ રવિવારની ભજનસેવા ચલાવી. પ્રભુભોજન પળાવવામાં આવ્યું. શ્રી સુનિલભાઈ કે. મેકવાન ઈઝરાયેલના પ્રવાસમાં જઈ આવ્યા. તેઓને બુકે આપી અભિનંદન આપવામાં આવ્યા.
- તા. ૬-૩-૨૩ શ્રી આલાપભાઈ જે. માસ્ટરના જન્મદિવસ નિમિત્તે તેઓના ઘરે લેન્ટ મિટીંગ રાખવામાં આવી. તેઓને બુકે આપી શુભેચ્છા આપવામાં આવી. કોન્ફરન્સ ટ્રેઝરર રેવ. ડૉ. યાકુબ મેકવાન સાહેબે વચન આપ્યું. કુટુંબ તરફથી સર્વને નાસ્તો અને આઈસ્ક્રીમ આપવામાં આવ્યા. આભાર.
- તા. ૮-૩-૨૩ ચર્ચમાં લેન્ટની મિટીંગ રાખવામાં આવી. આ દિવસે મહિલા દિન હોવાથી મિટીંગમાં હાજર સર્વ બહેનોને ગુલાબનું ફૂલ આપી શુભેચ્છા આપવામાં આવી. શ્રીમતી સારાહબેન એફ. ટેલર તરફથી સર્વને આઈસ્ક્રીમ આપવામાં આવી હતી. આભાર.
- તા. ૧૨-૩-૨૩ રવિવારની ભજનસેવા ચલાવી. ભજનસેવા બાદ પાસ્ટોરેટ કમિટી મળી.
- તા. ૨૬-૩-૨૩ અમદાવાદ ડિસ્ટ્રીક્ટ વેસ્ટના ઉમેદવાર સભાસદોને પૂર્ણસભાસદ બનાવવાનો કાર્યક્રમ મેથોડિસ્ટ ચર્ચ, શાહપુરમાં રાખવામાં આવ્યો હતો. જેમાં ગુજરાત રીજીનલ કોન્ફરન્સના બિશપ એન. એલ. કરકરે સાહેબ અને મેડમ કમલ કરકરેએ હાજરી આપી હતી. ૩૦ સભ્યોને બિશપ સાહેબે પૂર્ણ સભાસદ બનાવ્યા હતા. આ કાર્યક્રમમાં એક્ઝીક્યુટીવ સેક્રેટરી રેવ. ડૉ. ઈમાનુએલ કાન્ત સાહેબે અને કોન્ફરન્સ ટ્રેઝરર રેવ. ડૉ. યાકુબ મેકવાન સાહેબ, ડિ.સુ. રેવ. વિજય મેકવાન સાહેબ, કોન્ફરન્સ લે-લીડર શ્રી આલાપભાઈ માસ્ટરે તથા ઓડિટ ચેરમેન શ્રી દિપકભાઈ ક્રિશ્ચિયન અને એક્ઝિક્યુટીવ બોર્ડ સભ્ય શ્રી સંદિપભાઈ ક્રિશ્ચિયને હાજરી આપી હતી. સ્થાનિક ડિસ્ટ્રીક્ટ લે-લીડર શ્રી કમલેશભાઈ ક્રિશ્ચિયને પણ હાજરી આપી હતી. ડિસ્ટ્રીક્ટના સર્વ પાળક સાહેબોએ કુટુંબ સાથે હાજરી આપી હતી. સ્થાનિક ચર્ચ તરફથી બિશપ સાહેબ અને મેડમને ફુલહાર આપી, શૉલ ઓઢાડી અને પ્રેમભેટ આપી સન્માનિત કર્યા હતા. એક્ઝિ. સેક્રે. રેવ. ડૉ. ઈમાનુએલ કાન્ત સાહેબ, કોન્ફ. ટ્રે. રેવ. ડૉ. યાકુબ મેકવાન સાહેબ તથા ડિ.સુ. રેવ. વિજય મેકવાન અને કોન્ફ. લે-લીડર શ્રી આલાપભાઈ માસ્ટર, ઑડિટ ચેરમેન શ્રી દિપકભાઈ ક્રિશ્ચિયન, એક્ઝિ. બોર્ડસભ્ય શ્રી સંદીપભાઈ ક્રિશ્ચિયન સર્વને ગુલાબના હાર તથા બુકે આપી સન્માન કર્યું હતું. ડિસ્ટ્રી. ઈવે. શ્રીમતી ઉષાબેન કાન્ત, શ્રીમતી સુહર્ષાબેન મેકવાન, શ્રીમતી સુધાબેન મેકવાને હાજરી આપી હતી. તેઓને પણ બુકે આપી સન્માનિત કર્યા હતા. સર્વ પાળક કુટુંબોને પણ બુકે આપી સન્માનિત કર્યા હતા. ● ભજનસેવામાં હાજર સર્વ માટે સ્થાનિક ચર્ચ તરફથી આઈસ્ક્રીમ આપવામાં આવી હતી. ● બિશપ સાહેબ, મેડમ અને આગેવાન સાહેબો તથા ડિસ્ટ્રી. પાળક કુટુંબો માટે સ્થાનિક ચર્ચ તરફથી ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. ● સ્થાનિક ચર્ચના ૪ ઉમેદવાર સભ્યોને પૂર્ણ સભાસદ બનાવવામાં આવ્યા હતા. અભિનંદન. ● ક્વાયરે સુંદર ગીતો રજૂ કર્યા હતા. આભાર. ● ઉપરોક્ત સર્વ સુંદર વ્યવસ્થા કરવા બદલ પાસ્ટોરેટ કમિટીના સર્વ સભ્યોને ઉભા કરી તાળીઓ સાથે આભાર માનવામાં આવ્યો હતો. **ઉપરોક્ત કાર્યક્રમ ચર્ચના ૫૦ વર્ષના સુવર્ણ મહોત્સવની ઉજવણીના ભાગરૂપે કર્યો હતો.**
- તા. ૨૬-૩-૨૩ આ દિવસે સાંજે શ્રીમતી મેરેલીન એન. ચૌહાણના જન્મ દિવસ નિમિત્તે લેન્ટની મિટીંગ તેઓના ઘરે રાખવામાં આવી હતી. તેઓને બુકે આપી શુભેચ્છા આપવામાં આવી હતી. કુટુંબ તરફથી નાસ્તો અને ઠંડા પીણા આપવામાં આવ્યા હતા.
- તા. ૨૯-૧-૨૩ સવારે શ્રીમતી મેઘાબેન મેકવાન અરોરા શ્રી ગૌરવકુમાર અરોરાના નવા મકાનની અર્પણવિધિ કરવામાં આવી. અભિનંદન.

- **લેન્ટની મિટીંગો :**

શ્રીમતી નિમિષાબેન પી. ક્રિશ્ચિયન, શ્રી શરદભાઈ જે. માસ્ટર
શ્રી લિનીયસભાઈ એસ. પેલમોર, શ્રીમતી સારાહબેન એફ. ટેલર
શ્રી એન્થનીભાઈ એસ. ઈમાનુએલ, શ્રીમતી પારૂલબેન ઓ. ગામડિયા
શ્રીમતી કલ્પનાબેન વી. ક્રિસ્ટી, કુ. લીનાબેન બોરકર, શ્રીમતી જેનીફર બોરકર
શ્રીમતી નિલેશ્વરીબેન એન. ક્રિશ્ચિયન, શ્રી રોહિતભાઈ ફ્રાન્સિસ
શ્રી કમલેશભાઈ મસિહી, શ્રી ફ્રાન્સિસભાઈ વી. ગોહિલ
શ્રી શામીભાઈ એ. ગામડિયા, શ્રી રીચાર્ડભાઈ હિવાળે
શ્રીમતી શર્મીલાબેન એસ. અર્લીક, શ્રી રાજેશભાઈ આર. ક્રિશ્ચિયન
જોય એ. ક્રિશ્ચિયન, ટ્વીંકલ ક્રિશ્ચિયન, શ્રીમતી ઉષાબેન એમ. રાઠોડ,
શ્રી ડિક્સન એ. હેરી, શ્રી રશ્મિકાંતભાઈ પી. મહિડા,
શ્રીમતી માગ્રેટબેન એસ. ઈમાનુએલ

ઉપરોક્ત સભ્ય પરિવારો તરફથી મિટીંગ રાખવામાં આવી હતી અને આ નાસ્તો, આઈસ્ક્રીમ, જમવાની વ્યવસ્થા કરી હતી. સર્વનો આભાર માનવામાં આવે છે. પાળકની અનુપસ્થિતિમાં શ્રીમતી સારાહબેન ટેલર અને શ્રીમતી મેરેલીન એન. ચૌહાણે વચનની સેવા આપી હતી. ખૂબ આભાર.

લેન્ટની સર્વ મિટીંગોમાં પ્રાર્થના સંબંધી મનન કરાવ્યું હતું.

## પાળક દ્વારા મળેલ બર્થડે અને આભાર સ્તુતિના દાન

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી પ્રશાંતભાઈ એસ. ક્રિશ્ચિયન | લે.મિ. | ૫૦૦ |
| ૨. | શ્રી શરદભાઈ જે. માસ્ટર | લે.મિ. | ૫૦૦ |
| ૩. | શ્રી એન્થની એસ. ઈમાનુએલ (દીકરી એવીસના બાપ્તિસ્મા પ્રસંગે) | આ.સ્તુ. | ૫૦૦ |
| ૪. | શ્રીમતી પારૂલ ઓ. ગામડિયા | સ.સ્કૂ. | ૫૦૦ |
| ૫. | શ્રી આલાપભાઈ જે. માસ્ટર | બર્થડે | ૧૦૦૦ |
| ૬. | શ્રી શરદભાઈ બી. વાઘેલા | બર્થડે | ૨૦૦ |
| ૭. | સ્વ. ફ્રેન્કલીનભાઈ ટેલર (શ્રીમતી સારાહબેન ટેલર) | લ.દિ. | ૫૦૦ |
| ૮. | શ્રીમતી રીટાબેન જે. કીન | બર્થડે | ૫૦૦ |
| ૯. | કેમેલી બી. સેમ્યુલ (ગોધરાથી અમદાવાદ પોસ્ટમાં અર્પણની બદલીથી | આ.સ્તુ. | ૫૦૦ |
| ૧૦. | શ્રી મિલિન્દ આર. કાપડીયા | બર્થડે | ૫૦૦ |
| ૧૧. | શ્રીમતી કલ્પનાબેન વી. ક્રિસ્ટી | આ.સ્તુ. | ૧૦૦૦ |
| ૧૨. | શ્રીમતી કલ્પનાબેન વી. ક્રિસ્ટી | લે.મિ. | ૧૦૦૦ |
| ૧૩. | શ્રીમતી પારૂલબેન ઓ. ગામડિયા | લે.મિ. | ૫૦૦ |
| ૧૪. | શ્રી જોશુઆભાઈ સ્માર્ટ | લે.મિ. | ૨૦૦ |
| ૧૫. | કુ. ડૉ. જીની જે. મેકવાન | બર્થડે | ૫૦૦ |
| ૧૬. | કુ. લીનાબેન બોરકર | લે.મિ. | ૩૦૦ |
| ૧૭. | શ્રી રાજ એસ. શાહ | પુ.ફંડ | ૧૦૦૦ |
| ૧૮. | શ્રીમતી નિલેશ્વરીબેન એન. ક્રિશ્ચિનય | લે.મિ. | ૫૦૦ |
| ૧૯. | શ્રી રોહિતભાઈ ફ્રાન્સિસ | લે.મિ. | ૫૦૦ |
| ૨૦. | શ્રી ફ્રાન્સિસભાઈ વી. ગોહેલ | લે.મિ. | ૩૦૦ |
| ૨૧. | શ્રીમતી આરલીન સ્ટીફન સકારીયા તરફથી સ્વ. અનિલભાઈ ક્રિશ્ચિયનના સ્મરણાર્થે | આ.સ્તુ. | ૧૦૦૦ |
| ૨૨. | શ્રી લિનિયસભાઈ એસ. પેલમોર | આ.સ્તુ. | ૫૦૦ |
| ૨૩. | શ્રીમતી શર્મિલાબેન એસ. અર્લિક | લે.મિ. | ૫૦૦ |
| ૨૪. | શ્રી શામીભાઈ એ. ગામડિયા | લે.મિ. | ૫૦૦ |
| ૨૫. | શ્રી રાજેશભાઈ આર. ક્રિશ્ચિયન | લે.મિ. | ૫૦૦ |
| ૨૬. | જોય એ. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦ |
| ૨૭. | શ્રીમતી મેરેલીન એન. ચૌહાણ | બર્થડે | ૧૦૦૦ |
| ૨૮. | શ્રી રશ્મિકાંતભાઈ પી. મહિડા | લે.મિ. | ૨૦૦૦ |
| ૨૯. | શ્રીમતી મેઘાબેન મેકવાન અરોરા નવા મકાનની અર્પણવિધિ પ્રસંગે | આ.સ્તુ. | ૨૦૦૦ |
| ૩૦. | શ્રી સિલાસભાઈ જી. ચૌહાણ | બર્થડે | ૫૦૦ |
| ૩૧. | રેવ. અરવિંદ આર. ખ્રિસ્તી પ્રભુના અદ્‌ભૂત રક્ષણ બદલ | આ.સ્તુ. | ૫૦૦ |